## આચાર્યશિરોમણિ ભગવાન શ્રી કુંદકુંદઆચાર્યદેવના આચાર્યપદવીદિન માગશર વદ આઠમના મંગલ અવસર પર તેમના ચરણોમાં કોટિ કોટિ વંદન !!





''મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમોગણી
મંગલં કુંદકુંદાર્યો, જૈન ધર્મોસ્તુ મંગલં''

# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત–૨૫૪૯ : અંક–૩૦૦, વર્ષ–૨૪, ડિસેમ્બર–૨૦૨૨


**શ્રાવણ સુદ ૨, બુધવાર, તા.૨૦–૦૭–૧૯૬૬, યોગસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન, ગાથા–૯૩,૯૪, પ્રવચન–૩૯**





'જે કોઈ નિર્વાણનું લક્ષ રાખીને સમ સુખને ભોગવતો થકો...' નિર્વાણમુક્તિ પૂર્ણ આનંદની પ્રાપ્તિ વિના હું અતૃપ્ત છું. પૂર્ણ આનંદની પ્રાપ્તિ વિના હું અતૃપ્ત છું એમ ધર્મી જાણે છે. સમજાણું કાંઈ? અહીં પેટ પૂરું ન ભરાય ત્યાં સુધી એમ કહે છે ને કે, મારું પેટ ભરાણું નથી. એમ સમ્યગ્દષ્ટિને પૂર્ણ આનંદની પ્રાપ્તિ નથી ત્યાં સુધી અતૃપ્ત છે. એટલે પૂર્ણ આનંદની જેને ઝંખના છે. એવા નિર્વાણનું લક્ષ રાખીને 'સમસુખને ભોગવતો થકો આત્માનુભવનો અભ્યાસ કરે તે શીઘ્ર જ નિર્વાણની પ્રાપ્તિ કરશે.' એ ગાથાનો અર્થ થયો.

પછી 'સમયસાર કળશ'ની વાત થોડી નાખી છે. 'જ્ઞાનચેતનાને અથવા આત્માનુભૂતિને આનંદ સહિત કેલી કરાવવી.' 'કર્મ કરવાના પ્રપંચથી અને કર્મફળથી નિરંતર ઉદાસીન ભાવની સમ્યક્ પ્રકારે ભાવના ભાવવી.' સમ્યગ્દષ્ટિ પુણ્ય–પાપના પરિણામ એ કર્મચેતના છે અને એના હર્ષ–શોકથી એને ભોગવવું તે કર્મફળચેતના છે. એનાથી રહિત ભગવાનઆત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ શુદ્ધ છે, એની ચેતનાને નચાવે, જ્ઞાનચેતનાને નચાવે. કર્મ અને કર્મફળચેતનાને હેય કરીને છોડે. સમજાણું કાંઈ?

એનામાં પૂરો માલ પડ્યો છે એની સામું નજર

કરવાનો એને વખત મળતો નથી. અને જેમાં કાંઈ નથી, પુણ્ય-પાપના વિકલ્પ અને નિમિત્તમાં કાંઈ તારું તત્ત્વ નથી, તારું સત્ત્વ કે તત્ત્વ એમાં કાંઈ નથી, એમાં વળગ્યો અને એમાં જ એને સર્વસ્વ લાગે છે. બસ! આ, બસ! આ. વ્યવહાર કરો, વ્યવહાર કરો. પણ વ્યવહાર કરો એટલે અધર્મ કરો એનો અર્થ (થયો). અરે..! ભગવાન! શું કહે છે? સમજાણું કાંઈ?

અનાદિરૂઢ વ્યવહારમૂઢ છે. ૪૧૩ ગાથામાં ભગવાન 'અમૃતચંદ્રાચાર્યદેવે' કહ્યું છે, અનાદિના રાગને તું વ્યવહાર કહેવા જા તો એ તો વ્યવહારમૂઢ છે, નિશ્ચય અનારૂઢ છે. અનાદિ રૂઢ, વ્યવહારમૂઢ, નિશ્ચય અનારૂઢ એવા ત્રણ શબ્દો વાપર્યા છે. ('સમયસાર') ૪૧૩ ગાથા. ૪૧૩ ગાથા છે ને? ૪૧૩ ઘણી વાર કહેવાણી છે. એકે એક વાત ઘણી વાર (કહેવાણી છે). ત્યાં આગળ એમાંથી આ વાંધો ઉઠ્યો છે ને! 'યશોવિજય'. એમ કે, વ્યવહારથી ધર્મ કહે છે એ તો મૂઢ છે. ઓલાને એમ થયું કે, અરે..! અમારા 'યશોવિજય'ને મૂઢ કહે છે. એમ આવ્યું હતું, બહારથી આવ્યું હતું.

૪૧૩ માં છે, જુઓ! 'જેઓ ખરેખર 'હું શ્રમણ છું, હું શ્રમણોપાસક છું' વ્યવહાર લિંગ, વ્યવહાર વ્રતાદિમાં માને છે તે 'મિથ્યા અહંકાર કરે છે, તેઓ અનાદિરૂઢ (અનાદિ કાળથી ચાલ્યા આવેલા) વ્યવહારમાં મૂઢ...' જ્ઞાની છે એ વ્યવહારમાં મૂઢ નથી, વ્યવહારનો જાણનાર છે. સમજાણું કાંઈ? જાણેલો પ્રયોજનવાન છે એ બારમી ગાથા છે. એ બધી એક જ શૈલી ગોઠવી છે. વસ્તુની સ્થિતિ (એવી છે). નિશ્ચયનું ભાન થયું ત્યારે રાગ બાકી રહી ગયો, શુદ્ધતા ઓછી છે એનું જ્ઞાન કરવું તે વ્યવહાર છે. પણ એવો નિશ્ચય હોય ત્યારે વ્યવહાર (કહેવાય) ને? નહિતર અહીં આચાર્ય મહારાજ કહે છે કે, વ્યવહારમૂઢ છો. એકલી મંદ રાગની ક્રિયાને તું ધર્મની શરૂઆત કહેવા માગ અને ધર્મ છે (એમ કહે) તો અનાદિરૂઢ ભાવ, એ તો અનાદિનો ચાલ્યો આવ્યો છે. મંદ-તીવ્ર, મંદ-તીવ્ર, મંદ-તીવ્ર તો અનાદિનું છે. એમાં તું મંદને, વ્યવહાર કરનારો જાગ્યા વિના એને વ્યવહાર કહેશે કોણ? અનાદિરૂઢ વ્યવહારમાં મૂઢ. એને મૂઢ કહ્યો છે. જ્ઞાનીને વ્યવહારમાં મૂઢ નથી કહ્યો, વ્યવહારનો જાણનાર કહ્યો છે. ચૈતન્ય શુદ્ધ ભગવાનઆત્માનું ભાન થયું (ત્યારે) વ્યવહાર દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, પૂજા એવો ભાવ હોય છે એને જાણે છે. એ મૂઢ નથી. અને આ જે એકલો વ્યવહાર છે, નિશ્ચયના ભાન વિના એને મૂઢ કહ્યો છે. કેમ? કે, 'પ્રૌઢ વિવેકવાળા નિશ્ચય (નિશ્ચયનય) પર અનારૂઢ...' રાગથી, વ્યવહારથી ભિન્ન પાડીને આત્માની દ્રષ્ટિ અને આશ્રય કરવો એવો પ્રૌઢ નિશ્ચય વિવેક અનારૂઢ છે. નિશ્ચયમાં અનારૂઢ (છે તેવા) વ્યવહારને વ્યવહારનું જ્ઞાન કરનારો જાગ્યા વિના વ્યવહાર કહેવાતો નથી. ૪૧૩ માં એમ કહે છે.

હવે આ કહે, એકલો વ્યવહાર કરો, વ્યવહાર કરો. એવું મોટું લખાણ મૂક્યું છે. ઠીક! (એમ લખે છે કે), બે મત છે પણ સાચો મત કોનો? લ્યો, ઠીક! સાચો મત આ 'રતનચંદજી'નો. એ કહે છે. કોઈ બીજાનો નહિ. અત્યારના કોઈ પંડિતોનો પણ નહિ, આ આચાર્યો આટલું કહે છે એનો પણ નહિ. બે મત છે. એક કહે છે કે, આત્મામાં દેવ છે, બીજો કહે કે, ભગવાનમાં દેવ છે. ત્યારે 'રતનચંદજી' કહે છે, ભગવાનના મંદિરમાં દર્શન કરવાથી નિદ્ધત અને નિકાચીત કર્મ છૂટી જાય, એવું 'ધવલ'ના પહેલા ભાગમાં છે, એમ કરીને આધાર આપ્યો છે. અરે..! એ તો આત્માના દર્શનથી તૂટે ત્યારે નિમિત્તથી કથન કહેવામાં આવે છે. એ એમ કહે છે ત્યારે 'પરમાત્મ પ્રકાશ' કહે છે કે, આત્મા દેવ ભગવાન અહીં દેહમાં બિરાજે છે. ન્યાં દેવ માનીશ તો મૂઢ છો. એ તો વ્યવહાર સ્થાપના છે. સમજાણું કાંઈ? એ તો શુભભાવનું નિમિત્ત છે. દેવ તો ભગવાન અહીં બિરાજે છે. એ દેવની તને ખબર નથી (અને) તું જ્યાં ત્યાં ભટક્યા કર (તો) મરી જઈશ. 'રાજા ભિક્ષાર્થે ભમે એવી જનને ટેવ.' મોટો ત્રણલોકનો નાથ જ્યાં ત્યાં (કહે), હે ભગવાન! હે ભગવાન! મને આપજે. ત્યાં છે તારી મુક્તિ? સંવર, નિર્જરા ત્યાં એની પાસે છે? એ..ઈ..! ભગવાન તો અહીં છે.

તમે રાજુલને પૂછતા હતા, ક્યાં છે તારી ગીતા? અહીં 'ગીતા' હતી ને? 'ગીતા'ને કહે, 'ગીતા' ક્યાં છે?

'ગીતા' આ રહી. એમ કહે. જાતિસ્મરણ થયું છે ને? એના ભત્રીજાની છોકરી. અહીં આવી હતી ત્યારે પૂછ્યું હતું, 'ગીતા' ક્યાં છે? ઓલા ભવમાં એનું નામ 'ગીતા' હતું. અહીં 'જૂનાગઢ'માં લુહાણાની દીકરી (હતી). 'ગીતા' ક્યાં છે? (તો કહે), 'ગીતા' આ રહી, 'ગીતા' આ રહી. 'ગીતા'નો આત્મા આ રહ્યો, હું આ રહ્યો. ભગવાન ક્યાં છે? ભગવાન અહીં છે. વાત તો બરાબર કરવી જોઈએ ને? મેં કીધું, 'ગીતા' ક્યાં છે. (તો કહ્યું) અહીં છે. એમ બોલી હતી, હોં! અહીં આઠ દિ' રાખી હતી. અહીં ચાર વાર આવી ગઈ છે. હમણાં બસ્સો છોકરાવ હતા ત્યારે પણ બતાવવા લાવ્યા'તા. 'ગીતા' ક્યાં છે? આ રહી. પૂર્વભવમાં તારું નામ શું હતું? 'ગીતા' ક્યાંથી આવી છે તું? 'જૂનાગઢ'થી આવી છું. આ રહી હું. 'ધીરુભાઈ'! તમે છોડી જોઈ છે કે નહિ? નથી જોઈ? હમણાં ચાર વાર આવી ગઈ. આહાહા..! 'મનસુખભાઈ'! અમારા 'મનસુખભાઈ' સાંજે પૂછે કે, આવું થાતું હશે? પણ આ થયું છે ને! થાતું હશે શું? એકલા પૈસા રળવામાં મજૂર.. મજૂર.. મજૂર મોટા. 'મલૂકચંદભાઈ'! સાચી વાત હશે? એ સાંજે પૂછતા હતા. આવું થતું હશે? પણ આ થયું છે ને? થાતું હશે શું?

મુમુક્ષુ : પણ એ તો બીજાને ને!

ઉત્તર : પણ બીજાને થયું છે કે નહિ? હેં? પોણા છ વર્ષે, અઢી વર્ષે બોલી. અઢી વર્ષે બોલી, 'હું જૂનાગઢથી આવી છું. મારું નામ ગીતા છે. મને ત્યાં તાવ આવ્યો હતો ને હું મરી ગઈ છું.' બધું બોલી હતી, એની મેળાએ બોલી હતી પણ આ લોકોને વિશ્વાસ ન આવ્યો. બે વર્ષ સુધી વિશ્વાસ ન આવ્યો. પછી વળી આ 'હિંમતભાઈ' ને બધા ત્યાં નક્કી કરાવવા ગયા હતા. અમારા 'હિંમતભાઈ'એ તો પહેલું ત્યાં સુધી નક્કી કર્યું કે, અહીંથી તને લઈએ (તો) તું તારી બાને ઓળખીશ? તારા બાપને ઓળખીશ? હા. તારી બાને ઓળખીશ? હા. તારા કાકાને ઓળખીશ? હા. તું ગીતાને ઓળખીશ? એ શું પૂછો છો? ગીતા તો આ રહી. ન્યાં ક્યાં ગીતા હતી? પંડિતજી! આવો જવાબ આપ્યો. આ પંડિતજીએ જરી હા. હા (પડાવવામાં પૂછી લીધું). તારી બાને ઓળખીશ? તારા બાપુને ઓળખીશ? તારા કાકાને ઓળખીશ? ત્યાં ગીતાને ઓળખીશ? ગીતાને ઓળખીશ શું કહો છો? ગીતા તો આ રહી. એમ કીધું ને? ભાઈ! પોણા છ વર્ષે (બોલી). અઢી વર્ષે જાતિસ્મરણ ભવનું થયું. તમને નવરાશ કે દિ' (હતી)? હમણાં અહીંયાં ચાર દિ' આવી ગઈ છે. આઠ-આઠ દિ' રહીને. ઈ તો ઘણી વખત આવે છે, 'મનસુખભાઈ' કો'ક દિ' માંડ કારણે આવે છે, કો'કને કારણે, આ તો ઘણી વાર આવે છે. 'મનસુખભાઈ'! એ તો 'જગજીવનભાઈ' એમના કાકા થાય ને! એટલે પછી આવી જાય. કહો, સમજાણું આમાં? આહાહા..! કહે છે, ભાઈ! પ્રત્યક્ષ વાત છે. એમાં કહે છે, આમ થાતું હશે? પણ થાય, આ થયું છે ને! સમજાણું કાંઈ?

એમ આત્મા ત્રણે કાળ એવો ને એવો ભગવાન તારી સમીપમાં બિરાજમાન (છે). એટલે (કે) તું પોતે છો. અરે..! તને જોવાનો અવસર તને નહિ, ભગવાન! એના સન્મુખની રુચિ કરવી એ ઠીક છે, એ પણ હજી બેઠું નહિ. અને આ રુચિ બહારની, પુણ્ય ને દયા ને વ્રત ને ભક્તિ જે વ્યવહાર અનાદિથી બહિર્બુદ્ધિએ અને બહિરમાં પોતાપણું માનીને કર્યો છે. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે, જ્ઞાનચેતના ભગવાનઆત્મા..! આ 'સમયસાર'નો શ્લોક છે. 'જ્ઞાનચેતનાને અથવા આત્માનુભૂતિને આનંદ સહિત કેલિ કરાવવી.' 'અમૃતચંદ્રાચાર્ય' કહે છે, ભાઈ! પ્રભુ! તું રુચિ તો કર, ભાઈ! કે ભગવાનઆત્મા પરમાત્મા હું જ છું, હોં! અને એ પરમાત્માનો એનલાર્જ પર્યાયમાં થાય તે સિદ્ધ છે. સમજાણું કાંઈ? એ પરમાત્મા પૂર્ણાનંદનો પ્રભુ હું પોતે છું. મારામાં અપૂર્ણતા નથી, વિપરીતતા નથી. વસ્તુમાં અપૂર્ણતા અને વિપરીતતા ક્યાંથી આવી? વસ્તુ તરીકે પરમાનંદનો સ્વભાવનો પિંડ, ચિત્‌પિંડ, ચિત્‌નાથ અખંડાનંદ ભગવાન એ હું, એવી અંતર દ્રષ્ટિ કર, જ્ઞાનચેતનાની કેલિ કર. રાગની ચેતના અને કર્મફળચેતનાને ગૌણ કરી નાખ. સમજાય છે? 'સર્વકાળ શાંતરસનું જ પાન કરવું. એ જ જ્ઞાનીની પ્રેરણા છે.' લ્યો, એ ૯૩ ગાથા (પૂરી) થઈ.

આત્માનું પુરુષાકારે ધ્યાન કરો.

पुरिसायार-पमाणु जिय, अप्पा एहु पवित्तु।
जोइज्जइ गुण-गण-णिलउ, णिम्मल तेय फुरंतु।।९४।।

પુરુષાકાર પવિત્ર અતિ, દેખો આતમરામ;
નિર્મળ તેજોમય અને, અનંત ગુણગણધામ. ૯૪.

અન્વયાર્થ : (जिय) હે જીવ! (एहु अप्पा पुरिषायारपमाणु पवित्तु गुणगणणिलउ णिम्मलतेय फुरंतुं जोइज्जई) **આ પોતાના આત્માને પુરુષાકાર પ્રમાણ, પવિત્ર ગુણોની ખાણરુપ અને નિર્મળ તેજથી પ્રકાશમાન દેખવો જોઈએ.**

---

૯૪. હવે જરી અન્યમતિથી જુદી વાત (કરે છે). કારણ કે પુરુષાકાર આત્મા છે. લોકાકાશ પ્રમાણે, લોક પ્રમાણે આત્મા નથી. આવો મોટો આત્મા તો આકાશ પ્રમાણે મોટો વ્યાપક હશે? તમે આત્માના બહુ વખાણ કરો છે, મહા. મહા.. મહા.. મહા.. તો એ મહાન આખા લોકાલોકમાં વ્યાપક થઈને મહાન હશે? ના. એ વ્યાપકપણું ક્ષેત્રથી એને મહાનપણું હોઈ શકતું નથી. એને ભાવનું મહાનપણું છે. ક્ષેત્રથી તો શરીર પ્રમાણે છે. તેથી શબ્દ લીધો છે.

पुरिसायार-पमाणु जिय, अप्पा एहु पवित्तु।
जोइज्जइ गुण-गण-णिलउ, णिम्मल तेय फुरंतु।।९४।।

ઓહોહો..! એકલા આનંદની જડ પડી છે. આ વરસાદની ઝડી આવે કે નહિ? વરસાદની ઝડી આવે ત્યાં ત્રણ-ત્રણ દિ' સુધી સામું જોવાય નહિ. પહેલા એટલા વરસાદ હતા, હવે ઓછા થઈ ગયા. આઠ-આઠ દિ'. શનિવારે શરૂ થાય તો નક્કી થાય કે (આવતા) શનિવારે રહેશે. અહીં તો ત્રણે વાર શનિવારે શરૂ થાય તો રવિવારે કાંઈ ન મળે. આ વખતે ત્રણે વાર શનિવારે શરૂ થયો. પહેલાનું એવું હતું, હોં! પચાસ-સાંઈઠ વર્ષ પહેલા. શનિવારે જો વરસાદ શરૂ થાય તો શનિવારની આઠ દિ'ની હેલી થાય. હેલી એટલે આઠ દિ' વરસે. એવી પહેલા કહેણી હતી. 'મલૂકચંદભાઈ'! ખબર છે? આ ફેરી ત્રણ વાર શનિવારે આવ્યો (તો) રવિવારે કાંઈ ન મળે. શનિવારે શરૂ થાય એટલે માણસ વાતું કરે. કાળ બદલાઈ ગયો, એ..ઈ..!

અહીં કહે છે કે, હે જીવ! 'આ પોતાના આત્માને પુરુષાકાર પ્રમાણ,...' આ મહાસિદ્ધાંત છે. પહેલા ૯૩ ગાથા સુધી આટલા વખાણ કર્યા. ત્યારે (કોઈને લાગે કે) આવડો મોટો અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંતા અનંતા ગુણ, તો એ મોટો તો કેવડો (મોટો) ક્ષેત્રથી હશે? બાપુ! ક્ષેત્રથી મોટો (હોય તેની) મહિમા નથી. ક્ષેત્રથી તો શરીર પ્રમાણે જ છે. એના ગુણોના ભાવના સ્વભાવની અચિંત્યાનું ભાવનું માહાત્મ્ય (છે). સમજાણું કાંઈ? આ વેદાંત આદિ કહે છે ને? સર્વવ્યાપક. શું ધૂળ સર્વવ્યાપક છે? સાંભળ તો ખરો! ધ્યાન કરવું હોય તો એને આમ કરવું પડે છે? તો એનો અર્થ કે જેટલા ક્ષેત્રમાં છે તેટલામાં એકાગ્ર કરે છે. માટે પુરુષાકાર પ્રમાણ આત્મા છે, એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ?

'આ પોતાના આત્માને પુરુષાકાર પ્રમાણ, પવિત્ર...' ભાવથી પવિત્ર. 'ગુણોની ખાણ...' છે ને? 'હે જીવ? 'गुणगणणिलउ' 'णिलउ' ગુણના સમૂહનો નિલય. નિલય એટલે ઘર. એકલા અનંત આનંદાદિ ગુણોનું ઘર આત્મા છે. એ તારા રાગમાં પણ નથી અને તારા પૈસામાં ધૂળમાં ક્યાંય નથી. સમજાણું કાંઈ? 'गुणगणणिलउ' અને 'णिम्मलतेय फुरंतुं'. 'નિર્મળ તેજથી પ્રકાશમાન દેખવો જોઈએ.' એવો ભગવાનઆત્મા શરીરપ્રમાણે અંતર નિર્મળ ગુણનો નાથ, તેજથી સ્ફુરિત એવા આત્માને અંતર જ્ઞાન અને શ્રદ્ધાથી જોવો જોઈએ.

'અહીં આત્માની ભાવના કરવા માટે શિખામણ આપી છે કે આત્માને આવો વિચારવો જોઈએ કે આત્માનો પોતાનો પુરુષાકાર પ્રમાણ છે, તે આખાય શરીરમાં વ્યાપેલો છે.' આખા શરીરમાં વ્યાપક બધે છે

કે નહિ? અંગૂઠાથી તે માથા સુધી. છતાં ભિન્ન. જે આસને બેઠો હોય તે પ્રમાણ માનવું, એમ કહે છે. પછી લાંબી વાત વ્યવહારની ઘણી નાખી છે. 'એ નિર્મળ જળસમાન, શુદ્ધ સ્ફટિક સમાન પરમ શુદ્ધ છે. દ્રવ્યાર્થિકનયથી આત્માને સદાય નિરાવરણ દેખવો.' વસ્તુદ્રષ્ટિથી દેખો તો નિરાવરણ, ત્રિકાળ નિરાવરણ (છે). વસ્તુને આવરણ શું? સમજાણું?

'સામાન્ય અને વિશેષ ગુણોનો ધારક છે. એ જ્ઞાતાદ્રષ્ટા છે, વીતરાગ છે, પરમાનંદમય છે, પરમ વીર્યવાન છે, શુદ્ધ સમ્યક્ત્વ ગુણનો ધારક છે, પરમ નિર્મળ તેજમાં ચમકી રહ્યો..' છે. ભગવાન ચૈતન્યના તેજે બિરાજમાન છે. એના ચૈતન્યના નૂર, પ્રકાશના પૂંજથી ચમકી રહ્યો છે. રાગ અને વિકારથી ચમક્યો એ વસ્તુ નથી. આહાહા..! સમજાણું કાંઈ? 'આવી રીતે પોતાના શરીરમાં વ્યાપક આત્માને વારંવાર જોઈને ચિત્તને રોકવું. આ ધ્યાનનો પ્રકાર છે.' સાધુ વિશેષ કરી શકે છે. પણ આપણે 'દેશવ્રતી મધ્યમ ધ્યાતા...' મુનિ છે તે આત્માનું ઉત્કૃષ્ટ ધ્યાન કરી શકે. દેશવ્રતી પંચમ ગુણસ્થાનવાળો બે કષાય ટળ્યા છે માટે મધ્યમ ધ્યાન કરી શકે. મુનિ છે તેને ત્રણ કષાય અસ્થિરતાના કારણ ટળ્યા માટે સ્થિરતાનું કારણ એને વધારે છે.

'અવિરત સમ્યગ્દ્રષ્ટિ જઘન્ય ધ્યાતા છે.' અહીં આપણે વજન લેવું છે. ચોથા ગુણસ્થાનમાં પણ.. એક જણાએ એ નાખ્યું છે, 'ટોડરમલે' તો કહ્યું છે કે, ચોથે ગુણસ્થાને ઈષ્ટ–અનિષ્ટબુદ્ધિમાં રાગ–દ્વેષ થાય તે મિથ્યા ચારિત્ર છે. માટે તેને મિથ્યા ચારિત્ર છે, એને ચોથે સ્વરૂપાચરણ નથી. પણ સમકિતીને ઈષ્ટ–અનિષ્ટ બુદ્ધિ હોય જ નહિ. સાંભળ તો ખરો! ઈષ્ટ–અનિષ્ટની અસ્થિરતા હોય પણ આ પદાર્થ ઈષ્ટ–અનિષ્ટ હોય જ નહિ. એવો મોટો લેખ (આવ્યો) છે. ચોથા ગુણસ્થાનમાં એણે પાંચ ઈન્દ્રિયના વિષય છોડ્યા નથી, ઈષ્ટ–અનિષ્ટ બુદ્ધિ છૂટી નથી માટે તેને મિથ્યાચારિત્ર કહેવામાં આવે છે. માટે મિથ્યાચારિત્રવાળાને સ્વરૂપાચરણ નથી, એમ કરીને લખ્યું છે. આહાહા..! ભાઈ! મિથ્યાચારિત્ર નથી. એને અવ્રત છે. મિથ્યાચારિત્ર તો જેની દ્રષ્ટિ મિથ્યાત્વ ઉપર છે એના ચારિત્રને મિથ્યાચારિત્ર કહેવાય. પણ એવા ત્રણ શબ્દ વાપર્યા છે ખરાને. મિથ્યાચારિત્ર કહો, અચારિત્ર કહો કે અવિરત કહો. એવા ત્રણ શબ્દો 'ટોડરમલે' વાપર્યા છે. એ તો અપેક્ષાથી છે, ભાઈ!

ભગવાનઆત્મા અવિરત સમ્યગ્દ્રષ્ટિ જઘન્ય ધ્યાતા છે. સ્વરૂપની દ્રષ્ટિ થઈ છે એટલો તો ધ્યાન કરનારની યોગ્યતા પ્રગટી છે. સમ્યગ્દ્રષ્ટિ ધ્યાતા નથી અને (તેને) ધ્યાન પણ નથી, એમ નથી. ધ્યાન અને ધ્યાતાની શરૂઆત ચોથેથી શરૂ થઈ ગઈ છે. સમજાણું કાંઈ? **दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि जं मुणी णियमा।** 'દ્રવ્યસંગ્રહ'માં કહ્યું છે. ધ્યાનમાં એકાગ્રતા (થાય છે). ભગવાનઆત્મા સન્મુખ નિર્વિકલ્પ દ્રષ્ટિ તે ધ્યાન છે અને તેમાં સમકિત ઉત્પન્ન થાય છે. એવો સમકિતી જઘન્ય ધ્યાતા (છે).

'ધ્યાતાને સમ્યગ્જ્ઞાન હોવું જ જોઈએ.' ભગવાન આત્માની એકાગ્રતારૂપ ધ્યાન કરનારને સમ્યગ્જ્ઞાન ન હોય તો ધ્યાન કરી શકે નહિ. સમ્યગ્જ્ઞાન, આત્માનું ભાન હોવું જોઈએ. નીચે વચમાં છે. 'કેમકે જ્યાં સુધી પોતાના આત્માના શુદ્ધ સ્વભાવનું શ્રદ્ધાન ન હોય ત્યાં સુધી તેનો પ્રેમ થતો નથી.' ભગવાનઆત્માનો પ્રેમ અને પુણ્ય–પાપનો પ્રેમ છૂટી ન જાય ત્યાં સુધી આત્માનો પ્રેમ થાય નહિ અને આત્માના પ્રેમ વિના અંદર લગની લાગે નહિ. લગની લાગવી એનું નામ ધ્યાન. આ સંસારમાં બે–બે કલાક પાપનું ધ્યાન નથી કરતા? ભૂલી જાય. જે વિચારે ચડ્યો હોય, એમાં જો કાંઈક બે લાખ, પાંચ લાખ બે મહિનામાં પેદા થવાના હોય (તો) અંદરથી ઘોડે ચડે. (કોઈ પૂછે) ક્યાં હતા? હું તો વિચારમાં ચડી ગયો હતો.

ઘરે મહેમાન આવ્યા હતા, પણ તમે આંખ્યું વીંચીને બેઠા હતા એટલે અમે કોઈ પૂછી શક્યા નહિ. હું તો બે કલાક વિચારમાં ચડી ગયો હતો. હેં! ધ્યાન કરતા તો આવડે છે (પણ) ઊંધું. 'ધીરુભાઈ'! આવડે કે નહિ? આમ સ્થિર થઈ જાય, સ્થિર થઈ જાય. ખોટે વિકલ્પે ચડી જાય. આ છોકરાનું આમ થઈ જાય, ફલાણું આમ થઈ જાય. એવી શ્રેણી થઈ જાય. એમાં છોકરાના લગ્ન હોય, કરોડની પૂંજી હોય, પાંચ લાખ ખર્ચવાના હોય, સગા સગપણ સારું હોય, કોઈ આડેઅવળે મરણ થયું ન હોય એની હોંશમાં વિચાર કરવા બેઠો હોય કે આનું આમ કરશું ને આમ કરશું. રાતના દસથી બાર બે કલાક નીકળી જાય. ખબર નથી. 'અરે..! ક્યારે બધું (થયું)? આ બધું ઉપડી ગયું, વરઘોડો થઈ ગયો, બધા ચાલ્યા ગયા, તમને બધા ગોતતા હતા.' 'હું તો ખૂણે બેઠો હતો.' વરઘોડો બધો બહાર નીકળી ગયો. મને ખબર નહિ. બધા તમને ગોતતા હતા, પણ તમે ક્યાં બેઠા હતા? હું વખારમાં બેઠો હતો, ન્યાં ને ન્યાં વિચારમાં ચડી ગયો. સવારે આમ કરવું છે, સવારે આમ કરવું છે, સવારે આમ કરવું છે. ધ્યાન આવડે છે કે નહિ? એમ જ્યારે ઊંધા આવડે ને બીજું ભૂલે તો આ સવળું આવે ને બીજું ભૂલે એવી એનામાં તાકાત છે. સમજાણું કાંઈ? ઊંધામાં તો તાકાત મોળી પડી જાય છે અને સવળામાં તાકાત તો ઉગ્ર થાય છે માટે સવળા કરવાની તાકાત વધારે છે. આહાહા..! સમજાણું કાંઈ? માટે સમ્યગ્દ્રષ્ટિ જઘન્ય ધ્યાતા છે.

જ્યાં સુધી એનો પ્રેમ ન લાગે, 'પ્રેમ વિના તેમાં આસક્તિ કે સ્થિરતા થતી નથી.' પ્રેમ વિના એમાં એકાકાર એવી લીનતા નહિ થાય. 'ધ્યાતાને એ શ્રદ્ધાન હોવું જ જોઈએ કે હું જ પરમાત્મારૂપ છું.' ઈ પરમાત્માનું પેટ જ હું છું. હું પરમાત્મા છું. મારામાંથી પરમાત્મપર્યાય ફાટવાની છે. કોઈ પર્યાયમાંથી નહિ, રાગમાંથી નહિ, નિમિત્તમાંથી નહિ. એવો પરમાત્મા (હું છું).

'મારે જગતના ઈન્દ્ર, ચક્રવર્તી આદિ પદો પ્રત્યે કોઈ રાગભાવ નથી.' ધર્મીને ઈન્દ્રના સુખ અને પદવીની લાલસા હોતા નથી. ત્રણલોકના રાજને પણ જ્યાં સડ્યા તરણા જેવા લાગે, આત્માના આનંદના સ્વાદ આગળ બધા સડ્યા તરણા (લાગે). આખી દુનિયા દુઃખી લાગે તેથી તે પદને જ્ઞાની ઈચ્છતો નથી. જેમાં મીઠાશ લાગે તો ઈચ્છે. પણ આત્માના આનંદની મીઠાશ આગળ સમકિતીને કોઈ પદમાં મીઠાશ દેખાતી નથી. પુણ્યભાવમાં મીઠાશ દેખાતી નથી તો એના ફળમાં મીઠાશ ક્યાંથી દેખે? હેં? આહાહા..!

અરે..! એ ભગવાનઆત્મા એનું સત્ સ્વરૂપ અને સત્‌ના અનંત ગુણો, એના એણે કોઈ દિ' માહાત્મ્ય કર્યા નહિ અને આ વ્યવહાર વ્યવહાર કરીને મરી ગયો, એ તો નિગોદમાં અનંતવાર ત્યાં ગયો. શાસ્ત્રમાં તો એમ પણ આવે છે, 'ફૂલચંદજી' કહે છે એવું કે, નિગોદમાં પણ ક્ષણે શાતા બંધાય અને ક્ષણે અશાતા બંધાય. એટલે શુભ-અશુભ (ચાલે છે). એવું એકવાર કહેતા હતા. આધાર માંગ્યો પણ ... એવું કહે છે. પંડિતજી! નિગોદમાં ક્ષણમાં શાતા બાંધે છે, બીજે સમયે અશાતા, ત્રીજે સમયે શાતા. એટલે શુભ ને અશુભ, શુભ ને અશુભ એમ ને એમ ચાલ્યું જ આવે છે, એમ કહેતા હતા. ... કાંઈક હશે પણ આધાર ખ્યાલ ન આવ્યો. નિગોદમાં, હોં! આ નિત્ય નિગોદવાળા. એવા શુભ-અશુભભાવ, શુભ-અશુભભાવ ક્ષણે ક્ષણે થયા જ કરે છે. શુભ-અશુભ, શુભ-અશુભ, શુભ-અશુભ. ક્રમ છે એવો કહ્યું હતું, ભાઈ! નહિ? પછી આપણે માંગ્યું હતું, આધાર ક્યાંય છે? આપણે ગોત્યું હતું ખરું પણ બહુ મળ્યું નહિ.

(અનુસંધાન પાના નં.૧૪ ઉપર...)



# શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક-૧૯૫ પર પૂ.ભાઈશ્રી શશીભાઈનું કોઈમ્બતુરમાં થયેલ પ્રવચન

**પત્રાંક ૧૯૫**

**મુંબઈ, પોષ, ૧૯૪૭**

**સત્સ્વરૂપને અભેદરૂપે અનન્ય ભક્તિએ નમસ્કાર**

**માર્ગની ઈચ્છા જેને ઉત્પન્ન થઈ છે, તેણે બધા વિકલ્પો મૂકીને આ એક વિકલ્પ ફરી ફરી સ્મરણ કરવો અવશ્યનો છે :**

**''અનંતકાળથી જીવનું પરિભ્રમણ થયા છતાં તેની નિવૃત્તિ કાં થતી નથી ? અને તે શું કરવાથી થાય ?''**

**આ વાક્યમાં અનંત અર્થ સમાયેલો છે; અને એ વાક્યમાં કહેલી ચિંતના કર્યા વિના, તેને માટે દ્રઢ થઈ ઝૂર્યા વિના માર્ગની દિશાનું પણ અલ્પ ભાન થતું નથી; અને ભવિષ્યકાળે પણ નહીં થશે. અમે તો એમ જાણ્યું છે. માટે તમારે સઘળાએ એ જ શોધવાનું છે. ત્યાર પછી બીજું જાણવું શું ? તે જણાય છે.**

શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત. પત્રાંક ૧૯૫. પત્રનું મથાળું છે, ''**સત્સ્વરૂપને અભેદરૂપે અનન્ય ભક્તિએ નમસ્કાર**'' સત્સ્વરૂપ એટલે કે ત્રિકાળ જે સત્ રૂપ છે, એટલે કે હયાત છે. જેની હયાતી ત્રિકાળ છે એને કહે છે ત્રિકાળી સત્. એવું જે પોતાનું સ્વરૂપ તેને અભેદરૂપે નમસ્કાર. એટલે હું નમસ્કાર કરનાર અને મારું સ્વરૂપ નમસ્કાર કરવા યોગ્ય એમ ભાવમાં બે-પણું નથી એટલે કે પોતાના સ્વરૂપમાં પર્યાય લીન થઈ જાય છે, ઢળી જાય છે - તે જ અભેદ નમસ્કાર છે.

પ્રશ્ન : અભેદ ભક્તિને વધારે સ્પષ્ટ કરવા વિનંતી.

પૂ. ભાઈશ્રી : સત્સ્વરૂપ એટલે ત્રિકાળી અસ્તિત્વ જેનું છે, અવિનાશી અસ્તિત્વ છે - એવું જે પોતાનું સત્સ્વરૂપ, તેને અભેદભાવે નમસ્કાર. એટલે કે નમસ્કાર કરનાર અને નમસ્કાર કરવા યોગ્ય એવો ભેદ જેમાં નથી રહ્યો. પરંતુ પોતાના સ્વરૂપની મહાનતા, પોતાના સ્વરૂપની પવિત્રતા, પોતાના સ્વરૂપના એવાં દિવ્ય ગુણો જોઈને, જોનાર અવસ્થા તેમાં પોતાપણું કરીને એમાં લીન થાય તેને અભેદ ભક્તિથી નમસ્કાર કહેવામાં આવે છે. અભેદ, અનન્ય ભક્તિ, અનન્ય એટલે એવી બીજી કોઈ ભક્તિ નહીં. એ પરાભક્તિ છે. પરાભક્તિ એટલે છેલ્લી હદની ચરમસીમાની ભક્તિ. બે-પણું ન રહે તે પરાભક્તિ છે. ઐક્યપણું થઈ જાય છે. દ્રવ્ય, પર્યાયનું ઐક્ય થઈ જવું. એવી નિર્વિકલ્પ અવસ્થાને અનન્ય ભક્તિરૂપ નમસ્કાર કહેવામાં આવ્યા છે. એવી પોતાની ભક્તિનું સ્મરણ કરીને

પત્રનો પ્રારંભ કરે છે.

''**માર્ગની ઈચ્છા જેને ઉત્પન્ન થઈ છે**'' માર્ગ એટલે ઉપાય સંસારનો નાશ કરવાનો ઉપાય અને સિદ્ધપદ–મોક્ષપદ, નિર્વાણપદ પ્રાપ્ત કરવાનો ઉપાય – એને કહે છે 'માર્ગ'. એટલે કે રત્નત્રયરૂપ માર્ગ. સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન, સમ્યક્ચારિત્ર તે જ તેનો ઉપાય છે. સંસારના નાશનો પણ તે જ ઉપાય છે અને મોક્ષપદનો પણ તે જ ઉપાય છે. એવા માર્ગની ઈચ્છા, માર્ગની ઈચ્છા એટલે કે માર્ગ પ્રાપ્ત કરવાની ઈચ્છા જેને ઉત્પન્ન થઈ છે. ''**તેણે બધા વિકલ્પો મૂકીને આ એક વિકલ્પ ફરી–ફરી સ્મરણ કરવો અવશ્યનો છે.**''

પ્રશ્ન : બધા વિકલ્પો છોડીને – એમાં પરલક્ષ થાય છે તે લેવું ?

પૂ. ભાઈશ્રી : પરલક્ષ છોડવું અને નીચે જે વિકલ્પ આપ્યો છે એને છોડી બીજા વિકલ્પ ન કરવા. માર્ગપ્રાપ્તિ અર્થે અન્ય પ્રકારના ઉપાયમાં ન જવું. આ જ વિકલ્પમાં રહેવું એમ કહેવા માંગે છે. પરલક્ષની વાત તો દૂર રહી પણ અન્ય અન્ય ઉપાયાંતર પણ ન કરવા. શું ? બીજા ઉપાય પણ ન કરવા એમ વાત છે.

પ્રશ્ન : ભાઈશ્રી ! આપશ્રીએ કહ્યું કે એ વિકલ્પનું વારંવાર સ્મરણ કરવું જોઈએ તો એ કેવી રીતે ?

પૂ. ભાઈશ્રી : સ્મરણ કરવું એટલે યાદ કરવું. જેમ કે આપણે આ વચન વાંચ્યું કે ''**માર્ગની ઈચ્છા જેને ઉત્પન્ન થઈ છે**'' તો આ વચનનો સ્વલક્ષે સ્વાધ્યાય કરતાં, આપણે આપણું પરિણમન તપાસી લેવું જોઈએ, એવું checking કરી લેવું જોઈએ કે શું ખરેખર મને માર્ગની ઈચ્છા ઉત્પન્ન થઈ છે ? (જો થઈ હશે) તો આપણે અહીંયાં જ્ઞાનીપુરુષ જે વાત કરે છે તેનો સ્વીકાર કરી શકશું. જો ઈમાનદારીથી આપણને એ ઈચ્છા નથી, એટલે કે સંસારની પણ ઈચ્છા રહેતી હોય, સંસારના અમુક પ્રસંગની, અમુક પદાર્થની ઈચ્છા રહેતી હશે તો એ વાત સ્મરણમાં રહેવાની નથી, એનું સ્મરણ છૂટી જશે. જેને માટે તેઓશ્રી એમ કહે છે કે વારંવાર એનું સ્મરણ કરવું પણ સંસારની ઈચ્છાવાળાને તેવું સ્મરણ રહેવાનું નથી. તો અહીં સર્વ પ્રથમ આપણે એ તપાસી લેવાનું છે કે ખરેખર–વાસ્તવમાં મને માર્ગની ઈચ્છા છે કે નહીં ? એટલે ખરેખર પોતે સંસાર છોડવો છે કે નથી છોડવો અને ભોગવવો જ છે ? શું વાત છે ? એ સૌથી પહેલાં આપણે જોઈ લેવું જોઈએ. તો પછી આગળની વાત કામની છે નહિતર એ કામ થવાનું નથી. સ્વાધ્યાય થઈ ગયો એટલે વાત પૂરી ! એમ આ વાત માત્ર સ્વાધ્યાય કરવા પૂરતી નથી. અહીં જે કહી રહ્યા છે તે વાત અમલીકરણની છે, શું ? માત્ર સ્વાધ્યાય કરવા માટે નથી, અમલીકરણની છે. માટે પહેલા બરાબર એ વાત ચેક કરી લેવી જોઈએ કે શું મને માર્ગની ઈચ્છા ખરેખર ઉત્પન્ન થઈ છે ?

કોઈ પણ માણસ પરસ્પર વિરુદ્ધ એવા બે માર્ગ પર એકસાથે ચાલી શકતો નથી. એક માર્ગ માનો કે પૂર્વમાં જાય છે જ્યારે બીજો માર્ગ પશ્ચિમમાં જાય છે. ચાલવાવાળો કાં તો પૂર્વમાં ચાલશે કાં તો પશ્ચિમમાં ચાલશે. એક સાથે બન્ને દિશામાં જઈ શકશે ? ના. એવું જ સંસાર અને મોક્ષનું છે. બન્ને પ્રતિપક્ષમાં છે. તો તું જો તારી અંદરમાં કે તારે કઈ દિશામાં જવું છે ? બે ઘોડાની સવારી તો થઈ શકવાની છે જ નહીં. એ રીતે અંતરથી જેને સંસારને માર્ગે નથી જવું અને અંદરથી જેને સંસારનો થાક લાગ્યો છે કે હવે મારે સંસારમાં નથી જવું એને માટે આ પત્ર છે. નહીંતર સ્વાધ્યાય તો અનેક વાર કરવા છતાં આપણી પરિસ્થિતિ તેની તે જ રહેશે.

ક્યો વિકલ્પ વારંવાર સ્મરણ કરવો અવશ્યનો છે ? કે ''**અનંતકાળથી જીવનું પરિભ્રમણ થયાં છતાં તેની નિવૃત્તિ કાં થતી નથી ?**'' અનંતકાળથી જીવનું એટલે કે મારું, જીવ કોણ છે ? હું છું. જીવ એટલે હું, કોઈ બીજાનો, પરનો વિકલ્પ આપણે નથી કરવાનો. અનંતકાળથી મારું પરિભ્રમણ થયા છતાં તેની નિવૃત્તિ કાં થતી નથી ? પરિભ્રમણ શા માટે ચાલુ ને ચાલુ રહ્યું છે ? અને એવું હું શું કરું ! કે જેથી આ પરિભ્રમણનો નાશ થાય. આ મારા સંશોધનનો વિષય છે. અનંત કાળથી મારું પરિભ્રમણ ચાલુ રહ્યું છે અને તેનો નાશ નથી થતો આ મારી ચિંતાનો વિષય છે અને કેવી રીતે નાશ થાય એ મારા સંશોધનનો વિષય છે, મારી જિજ્ઞાસાનો વિષય છે, મારી ભાવનાનો વિષય છે. આ બે પ્રકારનાં પરિણામ

વારંવાર થવાં જોઈએ. એટલે કે વિસ્મૃત ન થવાં જોઈએ. ક્યાં સુધી ? કે જ્યાં સુધી પૂર્ણ શુદ્ધિનું લક્ષ ન બંધાઈ જાય ત્યાં સુધી. કારણ કે આ ચિંતના અને આ (માર્ગ) પ્રાપ્તિની ભાવનાની વેદના તે માર્ગની અપ્રાપ્તિ હોવાને લીધે પૂર્ણતાના લક્ષમાં પરિણમિત થશે. કારણ-કાર્ય બન્નેને સંબંધ છે. અને એવું પૂર્ણતાનું લક્ષ જ્યારે ફળસ્વરૂપે બંધાય ત્યારે જ યથાર્થ ચિંતના અને વેદના થઈ છે એમ ગણવું, નહીંતર થોડું (દુઃખ) થઈ, થોડો ખેદ થઈ પાછો જતો રહેશે. જેનું કંઈ મહત્ત્વ નથી. કારણ કે તે ખેદ કાર્યસાધક ન થયો. કાર્યસાધક થયો ક્યારે ગણાય ? કે જ્યારે પૂર્ણતાનું લક્ષ, પૂર્ણ શુદ્ધિનું ધ્યેય નિશ્ચિત થાય ત્યારે. માટે જ્યાં સુધી આવું લક્ષરૂપ-પૂર્ણ શુદ્ધિના લક્ષરૂપ result (ફળ) ન આવે ત્યાં સુધી તેનું વિસ્મરણ ન થવું જોઈએ. જો તે વિસ્મરણ થઈ જતું હોય અને જ્યાં સુધી એ રીતે વિસ્મૃત થતું રહેશે ત્યાં સુધી, એમ સમજવું કે મને ભવભ્રમણનો ભય છે જ નહીં. મને એની કોઈ ચિંતા નથી. એમ સમજીને ચાલવું. એ વાત સાબિત કરવાની જરૂરિયાત નથી રહેતી.

હવે કહે છે કે ''**આ વાક્યમાં અનંત અર્થ સમાયેલો છે**'' સમાવિષ્ટ છે. તે કેવી રીતે? કે તમે એ ચિંતનામાં આવો તો ખબર પડે. માત્ર સાંભળવાથી તો સાંભળેલું નહીં સાંભળ્યા બરાબર થઈ જશે. ક્યાં સુધી તે સ્મરણમાં રહેશે? સાંભળેલી વાત વળી ક્યાં સુધી સ્મરણમાં રહેશે ? તે વધુ સમય નથી રહેતી. જે પરિભ્રમણની ચિંતનામાં આવે છે તેને જ્ઞાનીના આ વચનમાં આ જે વચન લખ્યું છે તેમાં કેટલો અર્થ, કેટલો ભાવ ભર્યો છે એની (અનુભવથી) ખબર પડે છે. કેવી રીતે ? કે જીવને પૂર્વમાં પરિભ્રમણના કારણરૂપ અનેક પ્રકારના, અનંત પ્રકારના ભાવો જ થયા છે, અને અત્યારે થઈ રહ્યાં છે તેનું ભાવભાસન આવશે. તે એવા પ્રકારે કે આ જે પરિણામો ચાલી રહ્યાં છે એ બધાં મારા પરિભ્રમણના કારણભૂત છે. આવી આવી ભૂલો કરીને જ મેં પરિભ્રમણ કર્યુ છે, અમસ્તુ મારું પરિભ્રમણ નથી થયું. તો એ પ્રકારે ચિંતના શરૂ થતાં જ એમાં કયા કયા અર્થ સમાયેલા છે તેનો ખ્યાલ આવી જશે. એક વાક્યમાં અનંત અર્થ સમાયેલો છે. જુઓ જ્ઞાનીનું જ્ઞાન ! એક વાક્ય કહીને, એક વચન કહીને એમ કહે છે કે જુઓ ! આમાં અનંત અર્થ સમાયેલો છે ! કેવી રીતે કહે છે ? કારણ કે પોતે એ પરિસ્થિતિમાંથી પસાર થયા હોવાથી તેમને ખબર છે. અહીંયાં તો સમસ્યા અને તેનું સમાધાન બન્ને સાથે આપી રહ્યાં છે કે તારી જે આ સમસ્યા છે તે સમસ્યાને ઉકેલતી વખતે તને આવું આવું થશે. જો આવું ન થતું હોય તો માની લેજે કે તું બરાબર રીતે તારી સમસ્યામાં પણ ઘેરાયો નથી. કેમ ? કારણ કે બહુભાગ ઘણીબધી બાબતો સાંભળીને બૌદ્ધિક સ્તરે એનો નિર્ણય લેવામાં આવતો હોય છે અને બૌદ્ધિક સ્તરે આગળ વધવાનો પ્રયત્ન થતો હોય છે. અહીંયાં એ પ્રકારે વાત નથી. અહીંયા તો એમ કહેવું છે કે એની અસર આવતાં જ તને પરિભ્રમણનું ભાવભાસન આવ્યું ? કે એમાં કેટલાં-કેટલાં દુઃખ છે ? જેનો કોઈ હિસાબ ન થઈ શકે એટલા દુઃખ છે, એવો ભાવ ભાસિત થતાં જ તેની ચિંતા થયા વગર રહેશે નહીં; ત્યારે પછી એ ચિંતા કરવી નહીં પડે, પરંતુ થઈ જશે અને બીજી રીતે કોઈ કરવા જાય, કૃત્રિમતાથી રોઈ (કૃત્રિમતાથી) રોવાનું બની જાય તો એનું કોઈ મૂલ્ય નથી. એટલા માટે કહે છે કે ''**આ વાક્યમાં અનંત અર્થ સમાયેલો છે.**''

''**અને એ વાક્યમાં કહેલી ચિંતના કર્યા વિના**'' અથવા ચિંતના થયા વિના...

પ્રશ્ન : અનંત અર્થ બાબત આપશ્રીએ જે કહ્યું, તે સિવાય બીજું કોઈ પડખું એમાં છે ? બીજી કોઈ side છે ખરી ?

પૂ. ભાઈશ્રી : નહીં, સાઈડ તો એક આ કીધી અને બીજી સાઈડમાં એનું solution (ઉકેલ) ભાસિત થાય છે કે આટલાં બધા પરિભ્રમણના કારણરૂપ પરિણામો છે તો એની સામે તેનો ઉપાય પણ હોવો જોઈએ. જે દોષોથી પરિભ્રમણ થઈ રહ્યું છે, જ્યારે આવા આવા દોષોથી પરિભ્રમણ થઈ રહ્યું છે તો તે-તે દોષોને મટાડવા અર્થે એનો તથારૂપ ઉપાય પણ હોવો જોઈએ. એવો ભાવ ઊંડાણમાંથી વિચાર કરતાં આવ્યા વગર રહેશે નહીં. એટલે ભાવોનું જગત કેટલું વિશાળ છે તેનો ખ્યાલ આવશે. ભાવોની જે દુનિયા છે એની પણ ઘણી વિશાળતા છે એ વાત ખ્યાલમાં આવી જશે અને એ ભાવોમાં હું ભટકી

રહ્યો છું, એવી મારી ભાવ પરિભ્રમણની પરિસ્થિતિ છે કે જેને કારણે પછી ભિન્ન-ભિન્ન ક્ષેત્રે, ભિન્ન-ભિન્ન પરિસ્થિતિમાં એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય સુધી તિર્યંચમાં, મનુષ્યમાં, દેવમાં અને નારકીમાં મારા જન્મ-મરણ થઈ રહ્યાં છે. જેને દ્રવ્ય-પરિભ્રમણ કહે છે. જીવ જે દ્રવ્ય પરિભ્રમણ કરી રહ્યો છે એનું કારણ ભાવ પરિભ્રમણ છે. ભાવ પરિભ્રમણ કાર્ય છે, દ્રવ્ય પરિભ્રમણ એનું ફળ છે. અનંત કાળથી મારું પરિભ્રમણ થઈ રહ્યું છે તેનો નાશ કેમ નથી થતો ? એને શોધવા જશે તોપણ માલૂમ પડશે કે એમાં અનંત અર્થ સમાયેલો છે.

આપણે એ વાતને પ્રવચનથી નથી સમજવી પરંતુ ચિંતનામાં આવીને એ વાત સમજવી છે, કેમ ? કારણ કે એ feeling stage છે. ચિંતના છે એ feeling stage છે. વૈચારિક stage નથી. feeling stage જે હોય, feeling સ્તર જે હોય, તેને યથાર્થરૂપે સમજવા માટે તેવી feeling માં આવીને સમજવું તે જરૂરી છે. જેમકે એક માણસ મને મળ્યો અને (એણે મને કીધું) કે તમે કહો છો કે અમને અમારા આત્મા ઉપર પ્રેમ હોવો જોઈએ, અમને ગુણનો પ્રેમ હોવો જોઈએ. પરંતુ મારા જીવનમાં મને ક્યાંય પ્રેમ થયો જ નથી. કોઈના ઉપર પ્રેમ મને થયો જ નથી અને હું એ પ્રેમની ભાષા સમજતો જ નથી-તો હું શું કરું ? તો એને તો પ્રેમનો ભાવ આવશે ત્યારે જ ખબર પડશે કે તે પ્રેમ શું ચીજ હોય છે ? કે જેની સાથે પ્રેમ હોય છે એના વગર કેવી તડપન થાય છે ? એ ત્યારે જ ખબર પડે છે. આ જે બધી feelingની વાતો છે એને feelingથી સમજવાની હોય છે. એ પ્રકારની feeling ન હોય તેને, એ પ્રકારની feelingના અભાવવાળાને એ વાત સમજમાં નથી આવતી. માટે જો સમજવું હોય તો એ feelingમાં આવી જાવ, નહીતર આ વાત (ક્યારેય) યથાર્થરૂપે સમજમાં આવવાની નથી.

જેમ એક મા ને જે માતૃત્વપ્રેમ હોય છે, એ માતૃત્વપ્રેમની ખબર પિતાને નથી પડતી તો બીજાને તો ક્યાંથી ખબર પડે. જ્યારે એમ જોઈએ તો સંતાન છે એ તો બન્નેનું છે તેમ છતાં મા તે મા હોય છે. મા તે મા જ હોય છે. માને જેટલો પ્રેમ હોય છે તેનાથી ચોથા ભાગનો પ્રેમ પિતાને હોય છે. એનાથી વધારે નથી હોતો. જોકે આ તો general વાત છે, કોઈ વ્યક્તિગત વાત નથી. સામાન્ય રીતે આપણે ત્યાં આ વાત એ પ્રકારે બોલાતી હોય છે કે મા ઈ મા જ હોય છે. હવે કોઈ સમજવા માંગે કે મા નો માતૃત્વપ્રેમ કેવો હોય ? તો કહેવું પડે કે એ તો તું મા બન તો જ તને ખબર પડે. ક્યારે ખબર પડે ? મા બનીશ ત્યારે, એ પહેલાં (માતૃત્વપ્રેમનો) ખ્યાલ નહીં આવે.

એવી જ રીતે સ્વાનુભવનું સુખ છે. કોઈ જ્ઞાની-અનુભવી કેટલું પણ કહી બતાવે, તેમ છતાં સમજમાં નહીં આવે. આનંદનો મહિમા કરશે (પરંતુ) સમજમાં નહીં આવે. (કારણ કે) એની બરાબરી કરી શકવા માટે જગતમાં કોઈ ચીજ છે જ નહીં. તેમ છતાં કહેવું હોય તો કહી શકાય કે ઈન્દ્રનું ઈન્દ્રાસન એની આગળ કાંઈ નથી. જ્યારે ખરેખર એ પ્રકારની comparision કરવાની કોઈ એવી ચીજ જ નથી. કારણ કે કોઈથી એની બરાબરી થઈ જ ન શકે એવી તે અનુપમ ચીજ છે. કોની ઉપમા દેવી ?

પ્રશ્ન : જગતના જીવોને જેની મહિમા છે તેનાથી બરાબરી કરી સમજાવે તો ?

પૂ. ભાઈશ્રી : તોપણ સમજમાં નહીં આવે. એના માટે તો સ્વાનુભવ હોવો જરૂરી છે.

પ્રશ્ન : ભાઈશ્રી ! આ જે કહ્યું કે સંશોધનમાં જવું જોઈએ કે મારું પરિભ્રમણ કેમ થઈ રહ્યું છે ? એનો અર્થ શું થાય છે ?

પૂ. ભાઈશ્રી : સંશોધન એટલે જિજ્ઞાસા, ભાવના. મારું પરિભ્રમણ કયા કારણથી થઈ રહ્યું છે ? અને શું કરવાથી મટે ? એનો ઉપાય શું ? એ ઉપાયને માટે ઢ થઈ ઝૂર્યા વિના ''એ વાક્યમાં કહેલી ચિંતના કર્યા વિના'' એટલે કે પરિભ્રમણની ચિંતના કર્યા વિના ''તેને માટે ઢ થઈ ઝૂર્યા વિના'' ઝુરણા તેને માર્ગપ્રેમ કહે છે. માર્ગભક્તિ કહે છે. એ ક્યારે આવે છે ? કે એને માટે જ્યારે ઝુરણા આવે છે ત્યારે. બહુ જ તરસ લાગે ત્યારે તડપવું થાય છે

ને ! ઝૂર્યા વિના એટલે અપ્રાપ્તિનું દુઃખ, ઉપાયની પ્રાપ્તિ નથી એનું દુઃખ લાગ્યા વગર, જેમકે અરે ! મારી પાસે મારા પરિભ્રમણથી છૂટવાનો કોઈ ઉપાય મને પ્રાપ્ત નથી! મને જે જોઈએ છે તે નથી મળતું !

''તેને માટે ઢ થઈ ઝૂર્યા વિના માર્ગની દિશાનું પણ અલ્પ ભાન થતું નથી.'' વર્તમાનમાં કોઈને પણ આ સ્થિતિમાં આવ્યા વગર માર્ગની સૂઝ આવતી નથી. feeling stage માં આવ્યા વગર કોઈને પણ માર્ગ કેવો હોય છે એનું ભાન તો થતું જ નથી, પરંતુ માર્ગ કઈ દિશામાં છે એનું પણ અલ્પ ભાન થતું નથી. માત્ર ધારણાવાળો કહી દેશે કે અંતર્મુખ દિશામાં માર્ગ છે, અને તે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ છે. પરંતુ અહીંયા તો એના 'ભાન'ની વાત ચાલી છે, માત્ર જાણકારી પૂરતી વાત નથી ચાલી. તારી જાણકારી છે એ કંઈ ભાન નથી. જુઓ શબ્દપ્રયોગ શું કર્યો છે ? 'ભાન' લીધું છે. જાણકારી એવો શબ્દ નથી. એવું ભાન થવું કે 'હું પરિભ્રમણ કરી રહ્યો છું' અને તો જ એની ચિંતા થશે અને તેની ઝુરણા આવશે, અને ત્યારે માર્ગની દિશાનું ભાન આવશે. નહીંતર માત્ર જાણકારી તો વ્યર્થ જશે. માત્ર જાણકારી નકામી જ છે. એનાથી કંઈ થવાનું નથી. મોક્ષમાર્ગની પ્રાપ્તિ માટે મુમુક્ષુની ભૂમિકા જોઈએ અને તે મુમુક્ષુની ભૂમિકાનું આ પ્રથમ ચરણ છે. મુમુક્ષુ થયા વગર, આત્માર્થી થયા વગર કોઈ મોક્ષમાર્ગને પ્રાપ્ત કરી શકતું નથી અને જે મુમુક્ષુ મોક્ષમાર્ગ પ્રાપ્ત કરવા અર્થે મુમુક્ષુતામાં આવે છે તેને પહેલું stage, પ્રથમ ચરણ આ જ આવે છે.

એ રીતે લખે છે કે ''માર્ગની દિશાનું પણ અલ્પ ભાન થતું નથી પૂર્વે થયું નથી અને ભવિષ્યકાળે થશે પણ નહીં. અમે તો એમ જાણ્યું છે.'' અમારા અનુભવથી તો અમે એમ જાણ્યું છે. ''માટે તમારે સઘળાએ એ જ શોધવાનું છે'' કોઈને બાકી નથી રાખ્યા. જેમ કે તમે વિદ્વાન છો માટે તમને વેદના નહીં આવે તો ચાલશે, તમે માત્ર શાસ્ત્ર વાંચન કરશો (તો ચાલશે). ''ત્યાર પછી બીજું જાણવું શું ? તે જણાય છે.'' શું જાણવું જોઈએ, શું કરવું જોઈએ એ પછી જાણવામાં આવે છે, એ પહેલાં જે કાંઈ પણ જાણવામાં આવે છે બધુ નકામું જશે, એમ કહેવાનો (અભિપ્રાય) છે. (સમય સમાપ્ત થયો).

## પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો You tube ઉપર

પરમ ઉપકારી પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રકાશિત પુસ્તકોના પ્રવચનો You tube ઉપર હવે ગુજરાતી તથા હિન્દી Subtitle સાથે જુઓ. You tube માં Satshrut prabhavna channel પર જઈ આ પ્રવચનો સાંભળી શકો છે. રાજ-હૃદય, કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી ગ્રંથ ઉપર પ્રકાશિત થયેલા પ્રવચનો આવી રહ્યાં છે. દર રવિવારે સવારે ૧૧ વાગે આ પ્રવચનો Live પ્રસારણ કરવામાં આવે છે જેનો લાભ લેવા સર્વ મુમુક્ષુઓને વિનંતી. Channel ને Subscribe કરવાથી આગામી પ્રસારિત પ્રવચનોનું તમને અગાઉથી Notification મળી જશે.

**ટ્રસ્ટના 'સ્વાનુભૂતિપ્રકાશ'ના આ ગુજરાતી અંક (ડિસેમ્બર-૨૦૨૨)નું શુલ્ક શ્રીમતી મીતાબહેન શૈલેષભાઈ મુમુક્ષુ પરિવાર, મુંબઈ તરફથી સાભાર પ્રાપ્ત થયું છે, જેના કારણે આ અંક બધા પાઠકોને મોકલવામાં આવ્યો છે.**

(પાના નં.૮ થી ચાલુ...)

ક્યાંક ક્યાંક ગોત્યું હતું ખરું. નિગોદના જીવ છે ને? એને ઘણો અભ્યાસ છે એટલે કાંઈ આપણે પૂછ્યું હતું, એનો આધાર ક્યાં? લાવો. હું મોકલીશ (એમ કહ્યું હતું) પણ ભૂલી ગયા.

મુમુક્ષુ : ..

ઉત્તર : ધ્રુવ પ્રકૃતિ પણ પરિણામનું નિમિત્ત છે કે નહિ? ધ્રુવ પ્રકૃતિ પણ નિમિત્ત કોણ? એમ કહે છે ને? આપણે કહ્યું કે, શાસ્ત્રમાં અશુભ પરિણામ વખતે પણ પુણ્યમાં થોડો રસ પડે છે. ત્યારે કહે, એ તો ધ્રુવ પ્રકૃતિ. પણ ધ્રુવ પ્રકૃતિમાં નિમિત્ત કોણ? એની મેળાએ મફત પડી ગઈ? એ સિદ્ધ થયું કે, અશુભ વખતે પ્રકૃતિમાં ભલે થોડો રસ (પડે) અને પાપમાં ઘણો રસ પડે છે. સમજ્યા ને? તેથી કરીને એ શુભ કરવા જેવો છે એ પ્રશ્ન ક્યાં છે ન્યાં? આ તો શું બને છે? રાડેરાડ પાડી હતી બધાએ. અરરર..! અશુભભાવ વખતે પણ પુણ્યમાં રસ? પણ ભગવાન કહે છે, સાંભળને હવે. એકલા શુદ્ધભાવમાં બિલકુલ બંધ નથી. પણ શુભ–અશુભમાં તો અશુભ વખતે પાપમાં વધારે, પુણ્યમાં થોડું. શુભ વખતે પુણ્યમાં વધારે અને પાપમાં થોડું. એવી બે વસ્તુ હોય જ છે, વસ્તુનું સ્વરૂપ એવું છે.

અહીં કહે છે, હું પરમાત્મા (છું) મને ઇન્દ્ર આદિના પદની પણ મને ભાવના નથી. સમ્યગ્દર્શન, ઇન્દ્રના પદ ઉપરથી ડોલે ઇન્દ્રાણીયો, મારા આનંદ આગળ બધા તારા પદ ખોટા છે. એવી એની અંદરની દ્રઢતા આત્મા ઉપર હોય છે. પછી ત્રણ શલ્ય રહિતની વિશેષ વાત કરી છે.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)


---

## પૂજ્ય ભાઈશ્રી શશીભાઈની ૯૦મી જન્મ જયંતી આનંદોલ્લાસપૂર્વક સંપન્ન

આત્માનુભવ સંપન્ન પરમ ઉપકારી પૂજ્ય ભાઈશ્રી શશીભાઈની ૯૦મી જન્મ જયંતી 'શ્રી શશીપ્રભુ સાધના સ્મૃતિ મંદિર', ભાવનગર ખાતે આનંદોલ્લાસપૂર્વક સંપન્ન થઈ. આ પ્રસંગે મુંબઈ, કોલકાતા, અમદાવાદ, આગ્રા, સોનગઢ ઇત્યાદિ શહેરોથી મુમુક્ષુઓએ પધારીને લાભ લીધો. તા. ૨૯-૧૧-૨૦૨૨ ના રોજ જિનમંદિરથી એક ભવ્ય રથયાત્રાનું આયોજન કરવામાં આવેલ. જે ગામના પ્રસિદ્ધ વિસ્તારોમાંથી પસાર થઈ જિનમંદિરજીમાં સમાપ્ત થઈ.

તા. ૩૦-૧૧-૨૦૨૨ ના જન્મ જયંતી દિને બાલકુંવરના પારણાઝુલન, જન્મવધામણા તથા ભક્તિ આદિ કાર્યક્રમો યોજાયેલ જેમાં સર્વે મુમુક્ષુઓએ આનંદોલ્લાસપૂર્વક ભાગ લીધેલ.

## પૂજ્ય બહેનશ્રીની વીડિયો તત્ત્વચર્ચા
## મંગલ વાણી–સીડી–૧૩–B



પ્રશ્ન :- માતાજી! 'ગુરુદેવના વચનામૃત'માં આવે છે કે સર્વજ્ઞને જેણે પોતાની પર્યાયમાં સ્થાપ્યા તેને સર્વજ્ઞ થવાનો નિર્ણય આવી ગયો. તો કયા પ્રકારે સ્થાપના કરવી અને તેવુ થતાં સર્વજ્ઞ થવાનો નિર્ણય કયા પ્રકારે આવતો હશે?

ઉત્તર :- સર્વજ્ઞ છે. હું પોતે જ સર્વજ્ઞ સ્વભાવ છું. મારો સર્વજ્ઞ સ્વભાવ છે. અને સર્વજ્ઞ થઈ શકાય છે પુરુષાર્થથી. એવો એણે નિર્ણય કર્યો કે હું સર્વજ્ઞ સ્વભાવ જ્ઞાયક છું. જે જ્ઞાયક છે તેમાં જાણવાનું જ આવે. નહિ જાણવાનું આવે જ નહિ. પૂરું તો જણાતું નથી પણ આત્મા સ્વયં જ્ઞાનસ્વભાવી છે તો એ જ્ઞાનસ્વભાવી એવો હોવો જોઈએ કે જેમાં જ્ઞાનની મર્યાદા ન આવે પણ એ પૂર્ણ જાણે એવો એનો સ્વભાવ છે. અને એવો સ્વભાવ હોય કે પૂર્ણ જાણે. એવો આત્મા સર્વજ્ઞ સ્વભાવી છે. અને એ સર્વજ્ઞતા થઈ શકાય. એમ એને સ્વભાવનો નિર્ણય આવ્યો, સર્વજ્ઞ સ્વભાવનો નિર્ણય આવ્યો. અને પુરુષાર્થ કરવાથી થઈ શકે છે એમ બધું નિર્ણય એને આવી ગયો છે અંદરમાં. જે આત્મામાં સર્વજ્ઞને સ્થાપ્યા. એવા સર્વજ્ઞ જગતમાં છે એવા પુરુષાર્થ કરનારાને આત્માનો સ્વભાવ પણ સર્વજ્ઞ સ્વભાવી જ છે. એવા નિર્ણયમાં એને બધું આવી જાય છે.

પ્રશ્ન :-પોતાનો આત્મા સર્વજ્ઞ સ્વભાવી છે એ નિર્ણય જેને થાય છે એ પોતાના અંતરમાં સર્વજ્ઞને સ્થાપે છે.

ઉત્તર :- હા તે જ સ્થાપે છે સર્વજ્ઞને. હું સર્વજ્ઞ સ્વભાવી છું. મારા આત્મા સર્વજ્ઞ સ્વભાવી છે. તે જ પોતાના આત્માને આત્મામાં સર્વજ્ઞને સ્થાપે છે.

પ્રશ્ન :- અને એવું થયું એને સર્વજ્ઞ થવાનો નિર્ણય આવી ગયો. જેને પોતાની પર્યાયમાં આ રીતે પોતાનું સર્વજ્ઞ સ્વરૂપ જાણીને નક્કી કર્યું એને હું સર્વજ્ઞ થવાનો એ નિર્ણય પણ સાથે જ આવી જાય?

ઉત્તર :- એ નિર્ણય સાથે આવી જાય છે. આત્મા સર્વજ્ઞ સ્વભાવ છે, એવા આત્માનો જેણે આશ્રય લીધો અને આ આશ્રય લેવાથી અને એ આશ્રયમાં દઢતા કરવાથી, એ જાતનો પુરુષાર્થ જારી રાખવાથી સર્વજ્ઞ થવાનો છું એમ આવી જાય છે.

પ્રશ્ન :- એ વાત હું સર્વજ્ઞ છું એ વિચારપૂર્વક નક્કી કરે ત્યાર પછી એની રુચિ વધતા-વધતા કા તો દઢ નિર્ણય થાય અને ત્યાર પછી નિર્વિકલ્પ થાય એ બધાને માટે એકસરખું જ લાગે પડે કે એને સર્વજ્ઞ થવાનો નિર્ણય આવી જાય? જે આ રીતે પોતાની પર્યાયમાં હું સર્વજ્ઞ છું એવી સ્થાપના કરે એને હું સર્વજ્ઞ થઈશ અથવા હું સર્વજ્ઞ થવાનો એવો નિર્ણય પણ એની સાથે જ એને આવી જાય?

ઉત્તર :- યથાર્થ નિર્ણય કરે એને બધો નિર્ણય આવી જાય છે. હું સર્વજ્ઞ સ્વભાવ છું અને હું સર્વજ્ઞ

સ્વભાવે થઈશ. એ બધો જેને યથાર્થ નિર્ણય આવે છે. વિચારપૂર્વકનો નિર્ણય એણે વિચારથી નિર્ણય કર્યો છે. પણ દ્રવ્યનો આશ્રય લઈને નિર્ણય કરે છે એમાં એને બધો નિર્ણય આવી જાય છે. એ દઢતામાં. અને એ દઢતાના જોરે એ નિર્વિકલ્પપણે દઢતાના જોરે થાય છે. હું સર્વજ્ઞ છું અને સર્વજ્ઞ થઈશ. થઈ શકાશે મારા પુરુષાર્થથી. એવો નિર્ણય જેણે દ્રવ્યના આશ્રયથી કર્યો એ દ્રવ્યના આશ્રયના જોરમાં નિર્વિકલ્પ થાય છે. પણ માત્ર એકલો વિચારથી, વિકલ્પથી નક્કી કર્યું પણ જો આગળ નથી જાતો તો વિચારમાત્ર રહી જાય છે.

પ્રશ્ન :- એ જ રુચિ વધારીને...

ઉત્તર :- એ રુચિ વધારીને આગળ જાય, પુરુષાર્થને આગળ લઈ જાય તેને દ્રવ્યનો યથાર્થ નિર્ણય આવે છે.

પ્રશ્ન :- તો એને પણ એવો વિશ્વાસ આવી શકે પહેલા કે હું સર્વજ્ઞ થવાનો?

ઉત્તર :- હા. પહેલા આવી શકે. દ્રવ્યનો આશ્રય લે તો આવે છે.

પ્રશ્ન :- અનંતા સર્વજ્ઞ થઈ ગયા અને બીજાઓ અનેક થશે એવો સર્વજ્ઞનો નિર્ણય કરનારો પોતાના આત્મામાં સર્વજ્ઞ થવાની સ્થાપના કરી શકે? અનંતા સર્વજ્ઞો થઈ ગયા. આ તો માને છે પણ હું સર્વજ્ઞ સ્વભાવી છું એમ જે નિર્ણયમાં ન આવે...

ઉત્તર :- અનંતા સર્વજ્ઞ થઈ ગયા અને હું સર્વજ્ઞ સ્વભાવ છું એવો જેને નિર્ણય નથી આવતો તે અનંતા સર્વજ્ઞ થઈ ગયા એમ નિર્ણય કરે. પણ એ નિર્ણયને યથાર્થપણું લાગું ન પડે. હું સર્વજ્ઞ સ્વભાવે છું, એવો નિર્ણય આવે તો એની સાથે અનંતા સર્વજ્ઞ થઈ ગયા, એવો નિર્ણય એનો યથાર્થ થાય. ઓલો વ્યવહાર નિર્ણય છે. ભગવાન થઈ ગયા, અનંતા તીર્થંકરો થઈ ગયા. એમ નિર્ણય કરે છે. એ માત્ર શુભભાવથી, વિચારથી નક્કી કરે છે. નિર્ણય એનો એવો વ્યવહાર નિર્ણય છે. પણ હું સર્વજ્ઞ સ્વભાવ છું એવો નિર્ણય આવે એની સાથે સર્વજ્ઞ અનંતા થઈ ગયા એ નિર્ણય એનો યથાર્થ કહેવાય છે.

પ્રશ્ન :-એવો નિર્ણય બધા સંપ્રદાયો સર્વજ્ઞ છે સર્વજ્ઞ થયા છે એમ તો બધા માને છે. પણ હું સર્વજ્ઞ થવાનો છું એવું કોઈ માને?

ઉત્તર :- એવું તો વ્યવહારમાં બધા માને જ છે કે અનંતા સર્વજ્ઞ થઈ ગયા. એમાં હું સર્વજ્ઞ સ્વભાવી છું એવું માનનાર જે હોય એને પોતાના સ્વભાવનો નિર્ણય એમ માને. એવા તો ભાગ્યે જ હોય છે. એવી નિશ્ચયની દૃષ્ટિ કરનારા સ્વભાવ ઉપર દૃષ્ટિ જાય તો જ એવો નિર્ણય આવે. નહિતર આવે નહિ.

***

---


(પાના નં.૧૭ થી ચાલુ...)

ઉપાય છે' એમ જે પ્રમાણથી જણાય, તે વારંવાર વિચારવા યોગ્ય છે. 'અધ્યાત્મસાર'માં અથવા બીજા ગમે તે ગ્રંથમાં એ વાત હોય તો વિચારવામાં બાધ નથી. કલ્પનાનો ત્યાગ કરી વિચારવા યોગ્ય છે.

જનકવિદેહીની વાત હાલ જાણવાનું ફળ તમને નથી.

બધાને અર્થે આ પત્ર છે.

***



**પરમ કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી દ્વારા લિખિત આધ્યાત્મિક પત્રો**

**પત્રાંક - ૩૩૦**

મુંબઈ, માહ, ૧૯૪૮

કિસનદાસાદિ જિજ્ઞાસુઓ,

દીર્ઘ કાળ સુધી યથાર્થ બોધનો પરિચય થવાથી બોધબીજની પ્રાપ્તિ હોય છે; અને એ બોધબીજ તે પ્રાયે નિશ્ચય સમ્યક્ત્વ હોય છે.

જિને બાવીશ પ્રકારના પરિષહ કહ્યા છે, તેમાં દર્શનપરિષહ નામે એક પરિષહ કહ્યો છે, તેમજ એક બીજો અજ્ઞાનપરિષહ નામનો પરિષહ પણ કહ્યો છે. એ બન્ને પરિષહનો વિચાર કરવા યોગ્ય છે; એ વિચાર કરવાની તમારી ભૂમિકા છે; અર્થાત્ તે ભૂમિકા (ગુણસ્થાનક) વિચારવાથી કોઈ પ્રકારે તમને યથાર્થ ધીરજ આવવાનો સંભવ છે.

કોઈ પણ પ્રકારે પોતે કંઈ મનમાં સંકલ્પ્યું હોય કે આવી દશામાં આવીએ અથવા આવા પ્રકારનું ધ્યાન કરીએ, તો સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય, તો તે સંકલ્પેલું પ્રાયે (જ્ઞાનીનું સ્વરૂપ સમજાયે) ખોટું છે, એમ જણાય છે.

યથાર્થ બોધ એટલે શું તેનો વિચાર કરી, અનેક વાર વિચાર કરી, પોતાની કલ્પના નિવૃત્ત કરવાનું જ્ઞાનીઓએ કહ્યું છે.

‘અધ્યાત્મસાર’નું વાંચન, શ્રવણ ચાલે છે તે સારું છે. અનેક વાર ગ્રંથ વંચાવાની ચિંતા નહીં, પણ કોઈ પ્રકારે તેનું અનુપ્રેક્ષણ દીર્ઘકાળ સુધી રહ્યા કરે એમ કરવું યોગ્ય છે.

પરમાર્થ પ્રાપ્ત થવા વિષે કોઈ પણ પ્રકારનું આકુળવ્યાકુળપણું રાખવું - થવું - તેને ‘દર્શનપરિષહ’ કહ્યો છે. એ પરિષહ ઉત્પન્ન થાય તે તો સુખકારક છે; પણ જો ધીરજથી તે વેદાય તો તેમાંથી દર્શનની ઉત્પત્તિ થવાનો સંભવ થાય છે.

તમે ‘દર્શનપરિષહ’માં કોઈ પણ પ્રકારે વર્તો છો, એમ જો તમને લાગતું હોય તો તે ધીરજથી વેદવા યોગ્ય છે; એમ ઉપદેશ છે. ‘દર્શનપરિષહ’માં તમે પ્રાયે છો, એમ અમે જાણીએ છીએ.

કોઈ પણ પ્રકારની આકુળતા વિના વૈરાગ્યભાવનાએ, વીતરાગભાવે, જ્ઞાની વિષે પરમભક્તિભાવે સત્શાસ્ત્રાદિક અને સત્સંગનો પરિચય કરવો હાલ તો યોગ્ય છે.

કોઈ પણ પ્રકારની પરમાર્થ સંબંધે મનથી કરેલા સંકલ્પ પ્રમાણે ઈચ્છા, કરવી નહીં; અર્થાત્ કંઈ પણ પ્રકારના દિવ્યતેજયુક્ત પદાર્થો ઈત્યાદિ દેખાવા વગેરેની અચ્છા, મનઃકલ્પિત ધ્યાનાદિ એ સર્વ સંકલ્પની જેમ બને તેમ નિવૃત્તિ કરવી.

‘શાંતસુધારસ’માં કહેલી ભાવના, ‘અધ્યાત્મસાર’માં કહેલો આત્મનિશ્ચયાધિકાર એ ફરી ફરી મનન કરવા યોગ્ય છે. એ બેનું વિશેષપણું માનવું.

‘આત્મા છે’ એમ જે પ્રમાણથી જણાય, ‘આત્મા નિત્ય છે’ એમ જે પ્રમાણથી જણાય, ‘આત્મા કર્તા છે’ એમ જે પ્રમાણથી જણાય, ‘આત્મા ભોક્તા છે’ એમ પ્રમાણથી જણાય, ‘મોક્ષ છે’ એમ જે પ્રમાણથી જણાય અને ‘તેનો

**(અનુસંધાન પાના નં.૧૬ ઉપર...)**



'દ્રવ્યદષ્ટિ પ્રકાશ'માંથી 'મિથ્યા અભિપ્રાયનું સ્વરૂપ' સંબંધિત પૂજ્ય શ્રી નિહાલચંદ્રજી સોગાનીજીના વચનામૃત

(અભિપ્રાયમાં) જરાક જેટલી ભૂલ તે પણ પૂરી ભૂલ છે. પર્યાય ધ્યાન કરવાવાળી છે અને 'હું' તો ધ્યાનના વિષયભૂત વસ્તુ છું; પર્યાય 'મારું' ધ્યાન કરે છે; 'હું' ધ્યાન કરવાવાળો નથી. 'હું' ધ્યાન કરું, તે વાતમાં; અને 'હું' ધ્યાન કરવાવાળો નથી, 'હું તો ધ્યાનનો વિષય છું' -- એ વાતમાં થોડોક ફેર લાગે છે; પરંતુ રાતદિવસ જેટલો મોટો ફેર છે. (એકમાં પર્યાયદ્રષ્ટિ રહે છે જ્યારે બીજામાં દ્રવ્યદ્રષ્ટિ થાય છે – એટલો મોટો ફેર છે). ૨૭૯.

***

સાંભળવા વગેરેનો ભાવ જ્ઞાનીને, ગણધરને પણ આવે છે તો આપણને કેમ ન આવે? ( એવી વાતોના અવલંબનથી અજ્ઞાની જીવ) એવા-એવા પરાશ્રિત ભાવની પુષ્ટિ કરે છે. ૨૯૯.

***

પ્રશ્ન : રાગને જ્ઞાનનું જ્ઞેય તો બનાવવું ને ?

ઉત્તર : રાગને જ્ઞાનનું જ્ઞેય બનાવવા જાય છે, તે દ્રષ્ટિ જ જૂઠી છે. સ્વયંને જ્ઞેય બનાવ્યો, તો રાગ તેમાં (જુદો) જણાવામાં આવી જ જાય છે; રાગને જ્ઞેય શું બનાવવું છે ? ૩૨૬.

***

(મુનિને) વિકલ્પ અંશ ક્ષણ પૂરતો આવે છે ત્યારે કહે છે કે 'આકાશ' વગેરેથી પણ ગુરુ મહાન છે. ગુરુની મહાનતામાં આકાશ તો રાઈના દાણા સમાન છે. તો એવું સાંભળીને (વ્યવહારના પક્ષવાળો જીવ) ત્યાં ચોંટી જાય છે કે એટલા મહાન છે તો હું વિનયાદિમાં બરાબર રહું, નહિ તો નિશ્ચયાભાસી થઈ જઈશ. પરંતુ ભાઈ ! નિશ્ચય ગુરુ તો પોતાનો આત્મા છે, તે પડ્યો રહ્યો !! ૪૦૫.

***




## નવનિર્મિત શશીપ્રભુ સમાધિમંદિર 'જ્ઞાનમાત્ર' ની કેટલીક ઝાંખી

તાઃ ૦૧–૧૨–૨૨





